| Innovation ID | DTP0010000002556 | Sr No : 1 |
|---|---|---|

**Innovation Title** ધીલોડી (Coccinia grandis)માં ઈયળનું નિયંત્રણ

**Category** પાક સંરક્ષણ

**Notebook Number** lok (૨)૨-૩ Jun- ૧૯૯૭, Pg No. ૧૦

**Brief** ધીલોડી (Coccinia grandis)માં ઈયળનું મંકોડા દ્વારા નિયંત્રણ કરવું.

**Detail**

ધીલોડી (Coccinia grandis)ના વેલા ઉપર લીલા રંગની ઈયળ નુકશાન કરતી જોવા મળે છે. એક ઈંચ લાંબી આ ઈયળ પાનની નીચેની બાજુએ રહી તે કુમળા પાન કોરી ખાય છે. ફળમાં કાણું પાડે છે અને હગારથી તેને બંધ કરી દે છે. જેને કારણે ફળ કોહવાઈને ખરી પડે છે. ધીરુભાઈનું માનવું છે કે, આ ઈયળ ખાસ કરીને શાકભાજીના પાકોમાં નુકસાન કરે છે. તે મુખ્યત્વે શિયાળા અને ઉનાળામાં જોવા મળે છે. તેમાંય, જેઠ મહિનામાં તેનો ઉપદ્રવ વધારે પ્રમાણમાં જોવા મળે છે.

ઈયળના ઉપદ્રવ સામે ખેડૂત મકોડાનો ઉપયોગ કરે છે. તેઓ ઈયળનો ઉપદ્રવ દેખાય એટલે તેમના શેઢે આવેલ બીજોરી (Citrus medica)ના ઝાડ પાસેથી મકોડાને માચીસની ડબ્બીમાં ભરી લાવી ખેતરમાં વેલા ઉપર લાવીને છોડે છે. આ મકોડા ઘરમાં જોવા મળે છે. તેના કરતા નાના હોય છે અને ખાસ કરીને વાડમાં જોવા મળે છે. તેની ખાસિયત એ છે કે, તે ઈયળને આખી ખાતા નથી. પરંતુ, અડધી ખાઈને તરત જ બીજી ઈયળ પકડે છે.

ધીરુભાઈએ ધીલોડીની ખેતીની શરૂઆત કરી તે પહેલા પણ તેમણે ખેતરમા મકોડાને ઈયળ ખાતા જોયેલા. ખેડૂતના જણાવ્યા મુજબ ઈયળનું નિયંત્રણ થતાં જ મકોડા પાછા વાડમાં જતા રહે છે.

છેલ્લા બારેક વર્ષથી તેઓ આ પદ્ધતિ અપનાવે છે.

આ પદ્ધતિ સ્વયં વિકસાવેલ છે.

તેમણે જોયું કે ખેતરમાં બીજોરાના ઝાડ ઉપરથી મકોડા આવીને ઈયળોને ખાઈ જતાં અને પરત ફરતાં હતા ત્યાર બાદ તેમણે વિચાર આવ્યો છે. મોટા જથ્થામાં મકોડા હોય તો વધારે પડતી ઈયળોને નિયંત્રણમાં લઈ શકાય છે.

આ પદ્ધતિનો મૂળસ્રોત પોતે જ છે.

આ પદ્ધતિની કોઈ મર્યાદા નથી. સાવચેતી નથી.

આ પદ્ધતિ અન્ય ખેડૂતો પ્રયોગ કરતા નથી કારણ કે જાણતા નથી.

(નોંધ:- આ પદ્ધતિનું પીઆઈસી તા. ૧૧-૬-૨૦૦૬માં જયેન્દ્રસિંહ વાઘેલાએ કરેલ છે.) (આ પદ્ધતિ સાચી છે.)

**Method of Use**

**Caution**

**Benefit**

**Condition**

**Material Used** મકોડા

**IPR Status**

**Keywords** ઈયળ, ધીલોડી, Cocciniagrandis, મકોડા, વલસાડ

| | | | | | |
|---|---|---|---|---|---|
| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૧૧૬૪ | Member Type | Scout | | |
| First Name | શીલા | Middle Name | ભાણાભાઈ | Last Name | પટેલ |
| Profession | | Designation | | | |
| Address 1 | | | | | |
| Village | મું. ઘેજ, ઠે. નવા ફળિયા | Taluka | ચીખલી | | |
| District | Valsad | State | Gujarat | Country | India |
| Biography | | | | | |
| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૨૫૪૧ | Member Type | Innovator | | |
| First Name | ધીરુભાઈ | Middle Name | દયાળજી | Last Name | પટેલ |
| Profession | ખેતી | Designation | ખેડૂત | | |
| Address 1 | | | | | |
| Village | મુ. ઘેજ | Taluka | ચીખલી | | |
| District | Valsad | State | Gujarat | Country | India |
| Biography | | | | | |
| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૨૬૯૩ | Member Type | Verifier | | |
| First Name | જયેન્દ્ર | Middle Name | રણજીતસિંહ | Last Name | વાઘેલા |
| Profession | | Designation | | | |
| Address 1 | | | | | |
| Village | મું. આંકલીયા, પો. ઓઢાસાલ | Taluka | સાવલી | | |
| District | Vadodara | State | Gujarat | Country | India |
| Biography | | | | | |

| Innovation ID | DTP0010000002581 | Sr No : 2 |
|---|---|---|

| | |
|---|---|
| Innovation Title | કેળા(Musa paradisiaca) પકવવા |
| Category | પાક સંરક્ષણ |
| Notebook Number | lok (૨) ૪ Aug ૧૯૯૭, Pg No. ૬ |
| Brief | કેળા(Musa paradisiaca) પકવવા માટે છાણાંનો ઉપયોગ કરવો. |

**Detail**

કાચા કેળા(Musa paradisiaca)ને પકવવા માટે છાંણાનો ઉપયોગ વલસાડ જિલ્લાના તલાવચોરા ગામના ખેડૂત શ્રી મણીલાલ બુધાભાઈ પટેલે કર્યો છે.

ખેતરમાં ઉત્પન્ન થયેલ માલ બજારમાં સમયસર ન લાવીએ તો માલની ધારેલી કિંમત ઉપજે નહિં. કેળાને આપણે જ્યારે બજારમાં વેચવા હોય ત્યારે જ પકવવા જોઈએ. પણ આ કુદરતી પ્રક્રિયાને ઝડપી બનાવવા માટે ખેડૂતો પોતપોતાની સૂઝ મુજબ અલગ અલગ પદ્ધતિઓ અપનાવતા હોય છે.

છાણાંને એક તગારામાં ભરી સળગાવવામાં આવે છે. છાણાંમાંથી ધુમાડો નીકળવાનો બંધ થઈ જાય અને અંગારા થઈ જાય ત્યારે તેને જે ઓરડામાં કેળા ગોઠવ્યા હોય ત્યાં ઓરડામાં વચ્ચોવચ્ચ રાખેલ જગ્યાએ મૂકી ઓરડાને હવાચુસ્ત રીતે બંધ કરવામાં આવે છે. જેથી,  છાણાંની ગરમીથી કેળા પાકે છે. લાકડાના કોલસાના અંગારા, ઓરડો બંધ કરવાથી જલદી બુઝાઈ જાય છે. તેમજ તેના ધુમાડાથી કેળા કાળા પડી જાય છે. જેથી બજારમાં કેળાનો ભાવ બરાબર મળતો નથી. માટે કેળા પકવવા માટે છાણાના અંગારાની ગરમીથી કેળા સારા પાકે અને કોઈ આડ અસર થતી નથી.

(નોંધ - આ પદ્ધતિનું પી.આઈ.સી. જયેન્દ્રભાઈ વાઘેલાએ તા. ૮-૬-૦૬ના રોજ કરેલ છે. આ પદ્ધતિ સાચી છે.)

(નોંધ - તેઓ તેમના ગામના વૃદ્ધ ખેડૂત પાસેથી શીખ્યા હતા તેમની યાદદાસ્ત ખોવાઈ ગઈ હોવાથી યાદ નથી. આંખે દેખી શકતા નથી અને ચાલી શકતા પણ નથી. તેથી મૂળસ્રોત વિશે માહિતી મેળવી નથી.

ગામમાં માત્ર એક જ વ્યક્તિને આ વિશે જાણ હતી હાલમાં કેળાનો પાક ઓછો હોવાથી ત્યાં આ વિશે કોઈને માહિતી નથી.

ઉત્તરદાતા પોતે અશક્ત હોવાથી યોગ્ય જવાબ આપી શક્યા નથી.

(નોંધઃ- આ પદ્ધતિનું રીચેક જાલમસિંહ ઝાલાએ કરેલ છે.)
- આ પદ્ધતિ સાચી છે. પણ આ નામના ઉત્તરદાતા રામ રાજપર ગામમાં કોઈ નથી. તેમજ આ વિસ્તારમાં  કેળાનું નામથી વાવેતર થતું નથી.
- મણીભાઈ પોપટભાઈ પટેલને મળતાં તેઓ આ વિશે કંઈ જાણતા નથી.
- આ પદ્ધતિ વલસાડ જિલ્લાના ચિખલી તાલુકાના તેજલાવ ગામમાં શ્રી મણીભાઈ બુધાભાઈ પટેલે જણાવેલ છે.

( મો. ૯૯૭૪૫૯૭૫૧૯ - આ નંબર મણીભાઈ પોપટભાઈ પટેલ, રામ રાજપુરવાળાનો છે.)

| | |
|---|---|
| Method of Use | |
| Caution | આ પદ્ધતિની મર્યાદા એ છે કે છાણાના અંગારા જ મૂકવા લાકડાના કોલસા નહી. ઓરડો બંધ કર્યા પછી વારંવાર ખોલવો નહી. એક જ વખત અંગારા ઓગાળ્યા બાદ પાંચ છ દિવસ બાદ ખોલવામાં આવે છે. કેળા કુદરતી રીતે પાકી ગયા હોય છે તેથી તેનો સ્વાદ ખૂબ જ મીઠો લાગે છે. |
| Benefit | |
| Condition | |
| Material Used | છાંણા |
| IPR Status | |
| Keywords | છાંણા, કેળા, Musa paradisiaca, પકવવા, સુરેન્દ્રનગર |

| Member ID | DTP००१००००००११६४ | Member Type | Scout | | |
|---|---|---|---|---|---|
| First Name | શીલા | Middle Name | ભાણાભાઈ | Last Name | પટેલ |
| Profession | | Designation | | | |
| Address 1 | | | | | |
| Village | મું. ઘેજ, ઠે. નવા ફળિયા | | | Taluka | ચીખલી |
| District | Valsad | State | Gujarat | Country | India |
| Biography | | | | | |

| Member ID | DTP००१००००००११६७ | Member Type | Innovator | | |
|---|---|---|---|---|---|
| First Name | મણીલાલ | Middle Name | બુધાભાઈ | Last Name | પટેલ |
| Profession | ખેતી | Designation | ખેડૂત | | |
| Address 1 | | | | | |
| Village | તલાવચોરા (તેજલાવ) | | | Taluka | ચીખલી |
| District | valsad | State | Gujarat | Country | India |

Biography

મણીલાલ પોતે ૭ પાસ ખેડૂત છે. તેમની અત્યારે ઉમર ૭૫ વર્ષની છે. ત્રણ દિકાર છે. ત્રણેય દીકરા નોકરી કરે છે. તેમની પાસે ૭ વીઘા જમીન છે. તેમની પાસે ત્રણ ભેંસો, ૧ ગાય છે. તેમની અત્યારે પરિસ્થિતિ સારી છે. તેઓ પોતે અંધ છે. સાંભળી શકતા નથી. ચાલી શકતા નથી કે તેમણે કશુ યાદ નથી. તેમની પાકોની જમીનમાં તેઓ શેરડી, ડાંગર, શાકભાજીની ખેતી કરે છે. તેમની આવકનું મુખ્ય સાધન ખેતી તેમજ તેમના દીકરાઓની નોકરીમાંથી થતી આવક છે. તેમનો મુખ્ય રસ ખેતીમાં છે.

ગામનો પરિચય-
ગામની વસ્તી ૧૦,૦૦૦ વ્યક્તિઓની છે. કુલ ૧૮ ફળિયાઓમાં વહેચાયેલું છે. ચીખલીથી ૬ કીમી દૂર આવેલુ છે. ગામમાં બેન્કની શાખા છે. અલગ પંચાયત ઘર છે. ગામમાં ચાર પ્રાથમિક શાળાઓ તથા પાંચ આગણવાડીઓ, ૧ માધ્યમિક શાળા આવેલી છે. ગામમાં શિક્ષણનું પ્રમાણ ખૂબ જ સારૂ છે. મુખ્યત્વે સાગ, સાલ, વાંસ, આંબા, ચીકુના ઝાડો જોવા મળે ચે. જમીન મુખ્યત્વે ગોરાડુ અને કાળી એમ બન્ને પ્રકારની છે. શાકભાજીમાં શેરડી, કેળા, તેમજ ડાંગરના પાકો મુખ્ય થાય છે. ગામમાં પટેલ, કોળી, આદિવાસી, જાતિના લોકો વસે છે. ગામના લોકો મુખ્યત્વે ચીખલી અને નવસારીમાં હીરા ઘસવાના ધંધા સાથે સંકળાયેલા છે. તેઓની મુખ્ય આવક ખેતી અને નોકરી છે.

| Member ID | DTP००१००००००२४५८ | Member Type | Verifier | | |
|---|---|---|---|---|---|
| First Name | જાલમસિંહ | Middle Name | | Last Name | ઝાલા |
| Profession | | Designation | | | |
| Address 1 | | | | | |
| Village | | | | Taluka | |
| District | | State | Gujarat | Country | India |
| Biography | | | | | |

| Member ID | DTP००१००००००२६८३ | Member Type | Verifier | | |
|---|---|---|---|---|---|
| First Name | જયેન્દ્ર | Middle Name | રણજીતસિંહ | Last Name | વાઘેલા |
| Profession | | Designation | | | |
| Address 1 | | | | | |
| Village | મું. આંકલીયા, પો. ઓઢાસાલ | | | Taluka | સાવલી |
| District | Vadodara | State | Gujarat | Country | India |
| Biography | | | | | |

| Innovation ID | DTP0010000004272 | Sr No : 3 |
|---|---|---|

**Innovation Title** ભીંડાના બીજના ઝડપી ઉગાવા માટે.

**Category** પાક સંરક્ષણ

**Notebook Number** Lok(૮)૩, June, ૨૦૦૩,, Pg.no. ૬

**Brief** ભીંડાના બીજના ઝડપી ઉગાવા માટે આંકડાના દૂધનો ઉપયોગ.

**Detail**

બીજના સારા સ્ફુરણ માટે ખેડૂતો અવનવી તરકીબ અજમાવતા હોય છે. વલસાડ જિલ્લાના ચીખલી તાલુકાના ગેજ ગામના ખેડૂત શ્રી ધીરૂભાઈ દયાળભાઈ પટેલને વિચાર આવ્યો કે જાદુગર બે કલાકમાં કેરીના ગોટલાનું સ્ફુરણ કેવી રીતે કરે છે. આ રહસ્ય શોધતાં તેમને જાણવા મળ્યું કે જાદુગર કેરીના ગોટલાને દોઢ થી બે દિવસ આકડા (Calotropis gigantea)ના દૂધમાં મૂકી રાખે છે. જેના કારણે આવું બનતું હોય છે. નવા નવા પ્રયોગો કરવાની વૃત્તિ ધરાવતા શ્રી ધીરૂભાઈ જણાવે છે કે મેં ૧૦૦ ગ્રામ ભીંડા (Ablemoschus esculentus)ના બીજને વાવણી પહેલા છ કલાક ૨૦ ગ્રામ આકડાના દૂધમાં બોળી રાખ્યા બાદ ભીની જમીનમાં વાવેતર કર્યુ તો ચમત્કારિક રીતે જ બીજા દિવસે બીજનું સ્ફુરરણ થઈ ગયું.

વનસ્પતિની ઓળખ:
આકડો – આંકરીયો એ બહુવર્ષીય વનસ્પતિ છે. તેની ઉંચાઈ ૮ થી ૧૦ ફૂટ જેટલી થાય છે. તે ખેતરની વાડ અથવા તો ખુલ્લી જગ્યા કે વગડામાં જોવા મળે છે. તેના પાન લીલા કલરના ગોળાકાર હોય ચે તેના થડનો ભાગ સપેદ કલરનો અને ખરબચડો હોય છે. તેને શિયાળાની ઋતુમાં ફુલ આવે છે અને લીલા કલરની ગેડી બેસે છે તે ડોડી તોડતાં તેની અંતર રૂના રેસા જેવું હોય છે. તેને ફુલનો આકાર સફેદ મોગરાના જેવો હોય છે તેનો રંગ સફેદ અને જાંબલી કલરનો હોય છે

અન્ય વ્યક્તિના રહસ્યને જાણીને તેનો ભીંડાના બીજ ઉપર પ્રયોગ કર્યો.
આ પદ્ધતિનો વિચાર ઉપર જણાવેલ છે.
આ પદ્ધતિનું વિસ્તરણ વિશે ખબર નથી. તેમના સિવાય અન્ય લોકોને આ વિશે ખબર નથી.
આ પદ્ધતિની કોઈ મર્યાદા નથી.

આ માહિતી અન્ય કોઈ જગ્યાએ પ્રકાશિત થઈ નથી.

(નોંધ:- આ પદ્ધતિનું પીઆઈસી તા. ૧૧-૬-૨૦૦૬માં જયેન્દ્રસિંહ વાઘેલાએ કરેલ છે.)

(નોંધ:- આ પદ્ધતિનું પીઆઈસી તા. ૧૩-૯-૨૦૦૭માં નરેન્દ્રભાઈ. એ. રાઠવાએ કરેલ છે.)
આ પદ્ધતિ સ્વયં વિકસાવેલ છે.

લક્ષણો – ભીંડા જેવા શાકભાજીના બીજનો ઉગાવો ધીમી ગતિથી થાય તો ઘણીવાર બીજ ઉગ્યું કે નહીં તે સમજતા વાર લાગે છે અને પરિણામે ખેતરમાં અમુક અમુક જગ્યાઓ ખાલી પડતર જગ્યા રહે છે. જ્યારે આ પદ્ધતિ અપનાવવાથી બીજનું સ્ફુરણ તરત જ જોઈ શકાય છે. પરિણામે નહીં ઉગેલ બીજને સ્થાને નવા બીજ નાખીને જગ્યાનો પૂર્ણપણે ઉપયોગ કરીને સારું ઉત્પાદન લઈ શકાય છે.

આ પદ્ધતિનો ઘરઘથ્થુ ઉપયોગ કરે છે. આ પદ્ધતિના ઉપયોગથી ઘણો સારો ફાયદો થાય છે.
આ પદ્ધતિનો વિચાર જાદુગરના કેરીના ગોટલાના ચમત્કારથી આવેલ છે.
આ પદ્ધતિમાં કોઈ સુધારો કરેલ નથી.
આ પદ્ધતિ ૧૦થી ૧૨ વર્ષથી હાલમાં પણ ઉપયોગ કરે છે.

અન્ય જાણકાર વ્યક્તિ:
શાંન્તાબેન ધીરુભાઈ પટેલ
શીલાબેન ભાણાભાઈ પટેલ
અરવિંદભાઈ ડાહ્યાભાઈ પટેલ
ભાણાભાઈ રવજીભાઈ પટેલ
ધર્મેશભાઈ ધીરુભાઈ પટેલ
મુ.પો. ઘેજ, તા. ચીખલી, જિ. નવસારી

**Method of Use**

**Caution**

**Benefit**

**Condition**

**Material Used** આંકડાનું દૂધ.

**IPR Status**

**Keywords** બીજ, ઉગાવો, ઝડપી, જાદુગર, ગોટલા, સ્ફુરણ, વલસાડ, આકડા (Calotropis gigantea), દૂધ, ભીંડા (Ablemoschus esculentus), વાવેતર, વલસાડ

| | | | | | |
|---|---|---|---|---|---|
| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૬૯૩ | Member Type | Scout | | |
| First Name | પ્રવિણ | Middle Name | એચ | Last Name | રોહિત |
| Profession | | Designation | | | |
| Address 1 | | | | | |
| Village | મુ.પો-ખોરવાડ | Taluka | ઉમરેઠ | | |
| District | Anand | State | Gujarat | Country | India |
| Biography | | | | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૨૬૭૦ | Member Type | Innovator | | |
| First Name | ધીરૂભાઈ | Middle Name | દયાળભાઈ | Last Name | પટેલ |
| Profession | ખેતી | Designation | ખેડૂત | | |
| Address 1 | | | | | |
| Village | મું. ઘેજ | Taluka | ચીખલી | | |
| District | Navsari | State | Gujarat | Country | India |

Biography

ખેડૂતનો પરિચય:
તેમની પાસે ૨ એકર જમીન છે. તેના પર તેઓ આંબાની કલમો બનાવે છે. તેમને ખેતીમાં ઘણો રસ ધરાવે છે. અને અવનવા અખતરા કરતાં રહે છે. તેમના કરેલા પ્રયોગોમાં ચોક્કસ કોઈ પરિણામ મેળવીને જ ઝપે છે. હાલમાં વર્મીકંપોસ્ટ ખાતર બનાવે છે અને તેમાંથી ખેતીમાં સારું પરિણામ મેળવે છે. તેમની પાસેની જમીનમાં અત્યારે શેરડી, ગીલોડી, આંબા, સૂરણ તથા રીંગણ, મરચીના ધરૂનું વાવેતર કરેલ છે. અત્યાર બાદ શેરડીના ટીસ્યુ છોડ બનાવીને તેમાંથી આવક ઉભી કરવાનો ધ્યેય છે.

ગામનો પરિચય:
ઘેજ ગામ ચીખલીથી ૧૫ કિ.મીના અંતરે આવેલું છે. તેમાંથી જવા આવવા માટે તમામ જગ્યાએથી રોડની સુવિધાથી જોડાયેલું છે. ઘેજમાં કુલ ૪૪ ફળિયામાં અને ૧૦,૦૦૦ની વસ્તી ધરાવતું ૮થી ૧૦ કિલોમીટરના ઘેરામાં આવેલું છે. ગામના વિવિધ ફળિયા આવેલા છે. ગામમાં કોળી પટેલ, આદિવાસીની વસ્તી મુખ્ય છે. ગામમાં કુલ નવ પ્રાથમિક શાળાઓ ૧૦ આંગણવાડીઓ અને ૧ માધ્યમિક શાળા આવેલી છે. તમામ ફળિયાઓ એકબીજાથી દૂર-દૂર આવેલા છે. લોકોની મુખ્ય આવકનું સાધન ખેતી છે. ગામના તમામ લોકો પાસે જમીન છે. તેઓ આંબા, ચીકુની કલમો ઉતારવાનું તેમજ કેરી તેઓની મુખ્ય આવકનું સાધન છે. મુખ્ય પાકોમાં સૂરણ, શેરડી, ડાંગર મુખ્ય છે. પંચાયત સ્વતંત્ર છે. સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયાની શાખા આવેલી છે. મુખ્યત્વે કાળી જમીન ધરાવતા આ ગામમાં આંબા, ચીકું, સાગ, સીસમ, આંબલી, સીસમ, વાંસ વગેરે ઝાડ જોવા મળે છે. મહિલાઓનો દરજ્જો તથા કામમાં ભાગીદારી યોગ્ય સમયે સાથે જ હોય છે. મહિલાઓ અત્યારે પોતાની છોકરીઓને ભણવાની બાબતમાં વધારે જાગૃત છે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૨૬૯૩ | Member Type | Verifier | | |
| First Name | જયેન્દ્ર | Middle Name | રણજીતસિંહ | Last Name | વાઘેલા |
| Profession | | Designation | | | |
| Address 1 | | | | | |
| Village | મું. આંકલીયા, પો. ઓઢાસાલ | Taluka | સાવલી | | |
| District | Vadodara | State | Gujarat | Country | India |
| Biography | | | | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૬૨૨૨ | Member Type | Verifier | | |
| First Name | નરેન્દ્રભાઈ | Middle Name | અર્જેસિંહ | Last Name | (રાઠવા) ચૌહાણ |
| Profession | | Designation | | | |
| Address 1 | | | | | |
| Village | મું. લીમડીયા, પો. કંજેટા | Taluka | ધાનપુર | | |
| District | Dahod | State | Gujarat | Country | India |
| Biography | | | | | |